# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM NARMADA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમામાં શ્રદ્ધાળુઓ માટે કરાયેલી સુવિધાઓને કાયમી ધોરણે પ્રસ્થાપિત કરવાની નેમ વ્યક્ત કરી છે. શ્રી પટેલે આજે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી હતી. તેમણે પરિક્રમાર્થીઓ-શ્રદ્ધાળુઓ સાથે સંવાદ અને નર્મદા પરિક્રમા વૉક કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું નર્મદાનું પાણી આજે કચ્છ સુધી પહોંચ્યુ છે.

(BYTE – BHUPENDRA PATEL, CM)

. . . . . . . . . . . .

# AHMEDABAD RABARI VASAHAT

અમદાવાદની રબારી વસાહતોના એક હજારથી વધુ માલધારી પરિવારોને તેમના ઘરનો કાયમી માલિકી હક્ક મળશે. પ્રવર્તમાન જંત્રીના 15 ટકા મુજબની રકમ અને ટ્રાન્સફર ફી ભરીને કબજેદારો હવે જમીનનો કાયમી માલિકી હક્ક મેળવી શકશે. કાયમી માલિકી હક્ક મેળવવા કબજેદારે AMCની બાકી ભાડા, લેણાં અને વેરાની રકમ પણ ભરપાઈ કરવાની રહેશે આ અંગે રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ વધુ માહિતી આપી.

(બાઇટ: જગદીશ વિશ્વકર્મા)

. . . . . . . . . . . .

# LokaRpan Harsh Sanghvi

પાટણ જિલ્લાના જૈન યાત્રાધામ શંખેશ્વર ધામે ગૃહ અને વાહનવ્યવહાર રાજ્ય મંત્રી  હર્ષ સંઘવીના હસ્તે  અદ્યતન બસ સ્ટેશનનું આજે લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.  આગામી દિવસોમાં હવે અમદાવાદ, વડોદરા, સુરતથી સીધી શંખેશ્વરની નવી બસો દોડશે. અંદાજે બે કરોડ ૫૭ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા આ નવા બસ સ્ટેશનનું લોકાર્પણ કરતાં શ્રી સંઘવીએ  કહ્યું હતુંકે શંખેશ્વરનું આ બસ સ્ટેન્ડ હજારો યાત્રિકો માટે ઉપયોગી બની શકે તે માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઇ છે.  આ પ્રસંગે  પાટણ જિલ્લા પંચાયત પ્રમુખ સહિત એસ ટી વિભાગના અધિકારી - કર્મચારીઓ, ગામના સરપંચ તેમજ આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# CONGRESS CWC MEETING

અમદાવાદમાં આજે કોંગ્રેસની કાર્યકારી સમિતિની બેઠક યોજાઇ છે... શાહિબાગ સ્થિત સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાયેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પોતાના ઉદઘાટન ભાષણમાં જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીના કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ

બનવાની શતાબ્દીનું વર્ષ છે.. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂકેલા મહાત્મા ગાંધી ,દાદા ભાઇ નવરોજી અને સરદાર પટેલ એમ ત્રણ મહાન નેતાઓએ વિશ્વભરમાં કોંગ્રેસનું નામ રોશન કર્યું છે.. કોંગ્રેસની આ બેઠકમાં સોનિયા ગાંધી,રાહુલ ગાંધી સહિતના કોંગ્રેસના ટોચના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યાં છે.

આ બેઠક અગાઉ સવારે મલ્લિકાર્જૂન ખડગે, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી સહિતના ટોચના નેતાઓએ ગાંધી આશ્રમની મુલાકાત લઇને મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી અર્પણ કરીને  નમન કર્યા હતા.

ગાંધી આશ્રમની મુલાકાત બાદ અને સીડબલ્યુસીની  બેઠક અગાઉ શાહિબાગ સ્થિત સરદાર પટેલ રાષ્ટ્રીસ સ્મારકની કોંગ્રેસના તમામ નેતાઓ મુલાકાત લીધી હતી..

આજે સાંજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગુજરાતની સંસ્કૃતિને પ્રદર્શિત કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે જ્યારે કોંગ્રેસનું રાષ્ટ્રિય અધિવેશન આવતીકાલે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે..

. . . . . . . . . . . .

# ARVALLI POLICE ACTION

અરવલ્લી જિલ્લાના મોડાસામાં ફટાકડાની દુકાનોમાં ક્ષતિઓ જણાતા પોલીસે ત્રણ વેપારીઓ સામે ગુનો નોંધ્યો છે. આ દુકાનોમાં વીજવાયર ખુલ્લા હતા જેને કારણે આગ લાગવાની દહેશત હતી. આ અંગે ASP સંજયકુમાર કેશવાલાએ વધુ માહિતી આપી.

**(બાઈટ : સંજયકુમાર કેશવાલા, ASP, અરવલ્લી)**

. . . . . . . . . . . .

## Weather

રાજ્યમાં હિટવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. ત્યારે હવામાન વિભાગે આજે દિવસ દરમિયાન કચ્છમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના મોરબી તેમજ રાજકોટમાં ઓરેન્જ તેમજ સુરેન્દ્રનગર , બોટાદ અને ભાવનગર તેમજ દક્ષિણ ગુજરાતના સૂરતમાં અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં  યલો એલર્ટ જાહેર કર્યું છે.. જેના કારણે આ જીલ્લાઓમાં કાળઝાળ ગરમી પડી રહી છે. જ્યારે આવતીકાલે પણ આતમામ જીલ્લાઓ માટે હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટની ચેતવણી આપી છે.

. . . . . . . . . . . .